શુક્રવાર, 28 નવેમ્બર, 2025 માગશર સુદ આઠમ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## રાજકોટમાં ધાનાણીનો હુંકાર: 'પટ્ટા ઉતરી જશે તો પેન્ટ પણ નહીં સચવાય', જન આંદોલન થશે



રાજકોટમાં કોંગ્રેસના પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ સરકાર અને તંત્ર સામે આકરા પ્રહારો કર્યા છે. ધારાસભ્ય જીગ્નેશ મેવાણી પર સરકાર કિન્નાખોરી રાખી રહી હોવાના આક્ષેપ સાથે યોજાયેલી જન આક્રોશ રેલીમાં ધાનાણીએ લડાયક મિજાજ બતાવ્યો હતો. તેમણે જાહેરાત કરી છે કે યુવા પેઢીને બરબાદ કરતા ડ્રગ્સ અને દારૂના માફિયાઓ સામે હવે સમગ્ર ગુજરાતમાં જન આંદોલન છેડવામાં આવશે. જોકે, આ દરમિયાન તેમનું એક તળપદી ભાષામાં અપાયેલું નિવેદન રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. રાજકીય ઈશારે કામ કરતા અધિકારીઓ અને સત્તાધીશોને આડકતરી ચીમકી આપતા તેમણે કહ્યું હતું કે, "રાજકીય ઈશારે નાચનારા અને સંવિધાનના સોગંદ ખાનારા તમામ લોકોની હવે જોવા જેવી થશે. દરેકના પટ્ટા ઊતરી જવાના છે અને જો પટ્ટા ઊતરી જશે તો પેન્ટ પણ નહીં સચવાય, જેના કારણે બધા ઉઘાડા થઈ જવાના છે."
ધાનાણીએ હુંકાર કર્યો હતો કે જે લોકો પોતાની ફરજ ચૂકીને નશાના કારોબારને પ્રોત્સાહન આપી રહ્યા છે, તેમની સામે હવે કોંગ્રેસ આરપારની લડાઈ લડશે. તેમણે દાવો કર્યો હતો કે જનતાના આશીર્વાદ સાથે તેઓ બુટલેગરો, ડ્રગ્સ માફિયાઓ અને મિલકત માફિયાઓને જેલના સળિયા પાછળ ધકેલીને જ દમ લેશે. આ માટે કોંગ્રેસ પક્ષ કાયદાકીય લડત લડવા પણ સંપૂર્ણ તૈયાર છે.

## તારાપુર: ધોરણ ૧૦ પાસ 'મુન્નાભાઈ'નું દવાખાનું ઝડપાયું

આણંદ જિલ્લાના તારાપુરમાં માનવ સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરતો વધુ એક 'મુન્નાભાઈ' ઝડપાયો છે. માત્ર ધોરણ ૧૦ સુધી ભણેલો આ શખ્સ ડોક્ટર બનીને બિન્દાસ્ત લોકોની સારવાર કરતો હતો. તારાપુરના ટોલ ગામની ઈન્દિરા કોલોનીમાં ભાડાના મકાનમાં ધમધમતા આ બોગસ દવાખાનાનો પોલીસે પર્દાફાશ કર્યો છે.
મૂળ બિહારનો શશિ ભૂષણસિંહ કુશવાહા છેલ્લા એક વર્ષથી અહીં ગેરકાયદે પ્રેક્ટિસ કરતો હતો. તેની પાસે મેડિકલની કોઈ ડિગ્રી કે સર્ટિફિકેટ ન હોવા છતાં તે એલોપેથી દવાઓ અને ઈન્જેક્શનો આપતો હતો. દરોડા દરમિયાન સ્થળ પરથી દવાઓ અને મેડિકલ સાધનો મળી કુલ રૂ. ૪૨,૩૦૮નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ડિગ્રી વગર જ ડોક્ટર બની બેઠેલા આ શખ્સના કારનામા જોઈને સ્થાનિકો પણ ચોંકી ઉઠ્યા છે. લોકોના જીવ જોખમમાં મૂકતા આ બોગસ ડોક્ટર સામે હવે કાયદેસરનો ગાળિયો કસવામાં આવ્યો છે.

## આણંદ BAPS મંદિરમાં રજત જયંતિ નિમિત્તે મહાઅભિષેક સંપન્ન

આણંદ સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરના ૨૫મા પાટોત્સવ નિમિત્તે ઠાકોરજીનો દિવ્ય મહાઅભિષેક વિધિ સંપન્ન થયો છે. ડૉ. શ્રુતિપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ વેદપાઠી બ્રાહ્મણો દ્વારા ૨૨૫ કળશો વડે અભિષેક કરાયો હતો. આ પ્રસંગે ત્યાગવલ્લભ સ્વામી અને વિવેકસાગર સ્વામી સહિત મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા. મહોત્સવના ભાગરૂપે ૨૮ નવેમ્બરે અક્ષરફાર્મ ખાતે પ્રમુખસ્વામી મહારાજની ૧૦૪મી જન્મજયંતિની પૂર્વ સંધ્યાએ સાળંગપુરના સંતો દ્વારા ભવ્ય કીર્તન આરાધના યોજાશે.



## પંચમહાલ: કુખ્યાત બુટલેગર રોનક બારીયા પાસા હેઠળ જેલહવાલે




પંચમહાલ જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ પર લગામ કસવા એલસીબી એક્શન મોડમાં છે. ગોધરા તાલુકાના રતનપુર (કાંટડી) ગામના માથાભારે બુટલેગર રોનક ઉર્ફે રોનકો બારીયા સામે આખરે પાસાનું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે. આરોપી સામે કાંકણપુર પોલીસ સ્ટેશનમાં વિદેશી દારૂની હેરાફેરીના ત્રણ ગુના નોંધાયેલા હતા. તેની અસામાજિક પ્રવૃત્તિઓ ડામવા એલસીબી પીઆઈ આર.એ. પટેલે કરેલી દરખાસ્તને જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ મંજૂરી આપતા, બુટલેગરને ઝડપી લઈ રાજકોટ મધ્યસ્થ જેલમાં ધકેલી દેવાયો છે.

## આણંદ: પાલિકામાં ગટરના પાણી ઢોળી વિરોધ

આણંદના પધારિયા વિસ્તારમાં ગટર સમસ્યાથી ત્રસ્ત રહીશોનો રોષ આજે ફાટી નીકળ્યો હતો. છેલ્લા સાત વર્ષથી નરકાગાર જેવી સ્થિતિમાં જીવતા સ્થાનિકોએ કરમસદ-આણંદ પાલિકા કચેરીમાં હલ્લાબોલ કર્યો હતો. સામાજિક કાર્યકર હર્ષિલ દવેની આગેવાનીમાં લોકોએ ડેપ્યુટી કમિશનરની કેબિન બહાર ગટરનું ગંદુ પાણી ઢોળી અને ટેબલ પર બંગડીઓ ફેંકી અનોખો વિરોધ નોંધાવ્યો હતો. રહીશોએ ચીમકી ઉચ્ચારી છે કે, જો ગટર ઉભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

## બોરસદ: વારસાઈમાં ભાંડો ફૂટ્યો, ૩૫ ગુંઠા જમીન પચાવી પડાઈ




આણંદ જિલ્લામાં ભૂમાફિયાઓ કાયદાના ડર વિના બેફામ બન્યા હોય તેવી વધુ એક ઘટના બોરસદ પંથકમાંથી સામે આવી છે. કંકાપુરા ગામે એક ગરીબ ખેડૂતની લાચારીનો લાભ ઉઠાવી પાડોશીઓએ જ તેની જમીન હડપ કરી લીધાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઘટનાની વિગત મુજબ, ફરિયાદી દોલતસિંહ સોલંકીના પિતા અને કાકાના અવસાન બાદ જ્યારે તેઓ જમીનની વારસાઈ પ્રક્રિયા માટે સરકારી દફતરે પહોંચ્યા, ત્યારે તેમને મોટો આઘાત લાગ્યો હતો. રેકોર્ડ પર બોલતી ૬૦ ગુંઠા જમીનમાંથી કેનાલ કપાત બાદ બચેલી ૩૫ ગુંઠા કિંમતી જમીન પર તેમનો કોઈ કબજો જ રહ્યો ન હતો. ઊંડાણપૂર્વક તપાસ કરતા સામે આવ્યું કે ખેતરના શેઢા પાડોશી રમેશ ગોહેલ, ભઈજી ગોહેલ અને લાલજી ગોહેલે આ જમીન પર ગેરકાયદેસર દબાણ કરી દીધું છે. જ્યારે ખેડૂતે પોતાની પૂર્વજોની જમીન પરત માંગી ત્યારે આ શખ્સોએ ઉદ્ધતાઈભર્યું વર્તન કરતા જમીન ખાલી કરવાનો સાફ ઇનકાર કરી દીધો હતો અને દાવો કર્યો હતો કે તેઓ જ વર્ષોથી ખેતી કરે છે. આખરે આ મામલો આણંદ કલેક્ટર કચેરીએ પહોંચ્યો હતો. કલેક્ટરે આ પ્રકરણમાં રજૂ થયેલા દસ્તાવેજોની ઝીણવટભરી ચકાસણી કર્યા બાદ, ગરીબ ખેડૂતના હિતમાં મહત્વનો નિર્ણય લઈ 'લેન્ડ ગ્રેબિંગ' હેઠળ કડક કાર્યવાહીનો આદેશ આપ્યો છે. કલેક્ટરના આદેશ બાદ હવે વિરસદ પોલીસે ત્રણેય શખ્સો સામે કાયદાનો ગાળિયો કસ્યો છે.

## પાલનપુર: પેન્શનરોની વેદના, ૭૫૦૦ પેન્શનની માંગ

જિંદગીના ૪૦ વર્ષ દેશને આપ્યા, હવે વૃદ્ધાશ્રમમાં પણ જગ્યા નથી મળતી." આ વેદના છે બનાસકાંઠાના નિવૃત્ત કર્મચારીઓની. પાલનપુર કલેક્ટર કચેરીએ એકઠા થયેલા EPS પેન્શનરોએ લઘુતમ પેન્શન ૭૫૦૦ રૂપિયા કરવાની માંગ સાથે આવેદનપત્ર આપ્યું છે. આગેવાનોએ જણાવ્યું કે છેલ્લા ૧૫ વર્ષથી સરકાર સામે લડી રહ્યા છીએ પણ પરિણામ શૂન્ય છે. એક તરફ રાજ્ય સરકારના પેન્શનરોને લઘુતમ ૯૦૦૦ મળે છે, ત્યારે EPS પેન્શનરોને માત્ર ૧૦૦૦ થી ૩૫૦૦ રૂપિયા મળે છે. આટલી રકમમાં દવાના પૈસા પણ નથી નીકળતા. પેન્શનરોએ વડાપ્રધાન અને શ્રમ મંત્રીને અપીલ કરી છે કે EPFO ના તંત્રને સુધારી અમને ન્યાય આપે, નહીંતર ઉપવાસ આંદોલન કરવામાં આવશે.




## રાજકોટ મનપા દ્વારા QR આધારિત ફીડબેક સિસ્ટમ શરૂ



મહીસાગર જિલ્લામાં દારૂ બાદ હવે નશીલા પદાર્થોની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. કોઠંબાના નમનાર પાટિયા પાસે એક અકસ્માતગ્રસ્ત સ્કોર્પિયો કારની તપાસ કરતા તેમાંથી ૨૫૮ કિલો અફીણના પોષડોડા અને એક પિસ્તોલ મળી આવી છે. ૩૮.૭૯ લાખનું ડ્રગ્સ અને હથિયાર જોઈ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. રાત્રિના અંધારામાં અકસ્માત થતા ચાલક ગાડી મૂકીને નાસી છૂટ્યો હતો. પોલીસે કુલ ૪૮.૮૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ફરાર આરોપીને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા છે. આ કેસની તપાસ હવે SOG ચલાવી રહી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## સિવિલમાં બેદરકારીના આક્ષેપ વચ્ચે 18 માસના બાળકનો કરુણ અવસાન

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં બેદરકારીના આક્ષેપો વચ્ચે 18 માસના દાઝાયેલા બાળક શિવમનું સારવાર દરમ્યાન મૃત્યુ થતાં પરિવારજનોએ ગંભીર રોષ વ્યક્ત કર્યો છે. બાળકને 18મી તારીખે દાખલ કરાયો હતો, પરંતુ બાટલો ચડાવતા તબિયત બગડી ગઈ હોવાનું પરિવારજનોએ જણાવ્યું.

આક્ષેપ મુજબ, સ્ટાફે બેદરકારીપૂર્વક વર્તન કર્યું હતું અને નર્સે બાળકના પિતાને જ "ઇન્જેક્શન ક્યાં લગાવવું?" એવો સવાલ કર્યો હતો. પરિજનોનું કહેવું છે કે ડોક્ટર બોલાવવા છતાં સમયસર હાજર નહોતા અને સ્ટાફ તરફથી અયોગ્ય જવાબો મળ્યા હતા.

ઘટના બાદ પરિવારજનોના આક્રોશ વચ્ચે સિવિલ આરએમઓ હર્ષદ દૂસરાએ નિવેદન આપ્યું છે કે તાત્કાલિક તપાસ કમિટી રચાશે અને જવાબદાર સામે દાખલારૂપ પગલાં લેવામાં આવશે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

## વડોદરા: દારૂ-ડ્રગ્સના દૂષણ સામે મહિલા કોંગ્રેસનો હોબાળો

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર હોવાના આક્ષેપ સાથે વડોદરા મહિલા કોંગ્રેસે આજે સરકાર સામે મોરચો માંડ્યો હતો. શહેરમાં બેરોકટોક ચાલતા દારૂ અને ડ્રગ્સના વેપલા સામે ઉગ્ર રોષ વ્યક્ત કરી કોંગ્રેસના મહિલા આગેવાનો અને કાર્યકરોએ પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

કોંગ્રેસી નેતાઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, નશાના રવાડે ચડીને યુવાધન બરબાદ થઈ રહ્યું છે, જેના કારણે અનેક બહેનોના ઘર ભાંગી રહ્યા છે અને માતાઓ નિરાધાર બની રહી છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાંથી ૯૩,૬૯૧ કિલો જેટલું જંગી ડ્રગ્સ પકડાયું હોવાના આંકડા રજૂ કરી કોંગ્રેસે સરકારની રહેમનજર હેઠળ આ કાળો કારોબાર ચાલતો હોવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. કચેરી ખાતે કાર્યકરોએ 'હપ્તાખોરી બંધ કરો'ના નારા લગાવી વાતાવરણ ગજવ્યું હતું. કોંગ્રેસ કાઉન્સિલર પુષ્પા વાઘેલાએ સીધો પ્રહાર કરતા કહ્યું હતું કે, સત્તાવાર દારૂબંધી હોવા છતાં ટ્રકો ભરીને જથ્થો ગુજરાતમાં ઠલવાય છે. તેમણે માંગ કરી હતી કે નશામુક્તિ અભિયાનો માત્ર કાગળ પર ન રહેતા વાસ્તવિકતામાં કડક અમલવારી થવી જોઈએ, જેથી ગુજરાતનું ભવિષ્ય સુરક્ષિત રહી શકે.




## વડોદરા: કાસમઆલા ગેંગનો સાગરીત ડ્રગ્સ સાથે ઝડપાયો

વડોદરામાં ગુનાખોરી ડામવા મથતી એજન્સીઓને મોટી સફળતા મળી છે. કુખ્યાત કાસમઆલા ગેંગનો સાગરીત અને ગુજસીટોક જેવા કડક કાયદા હેઠળ જેલવાસ ભોગવી ચૂકેલો સાહીદ ઉર્ફે ભુરીયો ફરી એકવાર ગુનાના રવાડે ચઢતા ઝડપાઈ ગયો છે.

તાજેતરમાં જ જામીન પર મુક્ત થયેલા સાહીદે હુઝરાત ટેકરા વિસ્તારમાં ડ્રગ્સનું નેટવર્ક સક્રિય કર્યું હતું. ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી તેની પાસેથી મેફેડ્રોન (MD) ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો છે. પોલીસ તપાસમાં પર્દાફાશ થયો છે કે આરોપી સુરતના અમરોલીના સાજીદ પટેલ પાસેથી ડ્રગ્સ લાવીને વડોદરામાં તેની છૂટક પડીકીઓ વેચતો હતો. ચોરી, મારામારી અને જુગાર જેવા ૧૪ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આ રીઢા ગુનેગારે જેલમાંથી બહાર આવતાની સાથે જ ફરી 'કાળી કમાણી' શરૂ કરી દીધી હતી. હાલ પોલીસે સુરતના સપ્લાયરની શોધખોળ હાથ ધરી છે.

## વડોદરા જેલમાં 'લાલો' ફિલ્મ જોઈ કેદીઓ ગરબે ઘૂમ્યા




વડોદરાની મધ્યસ્થ જેલના પરિસરમાં કલા અને ભક્તિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. સમગ્ર ગુજરાતમાં ધૂમ મચાવનારી ફિલ્મ 'લાલો- શ્રીકૃષ્ણ સદા સહાયતે'નું અહીં ૧૮૦૦ જેટલા કેદીઓ માટે ખાસ સ્ક્રીનિંગ યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ડૉ. હેમાંગ જોષીના પ્રયાસોથી ફિલ્મની સ્ટારકાસ્ટ, જેમાં મુખ્ય અભિનેતા શ્રુહદ ગોસ્વામી સામેલ હતા, તેમણે પણ કેદીઓ સાથે બેસીને ફિલ્મ નિહાળી હતી.

ફિલ્મનો વિષય એક સામાન્ય માણસ કેવી રીતે કુસંગતને કારણે ગુનાખોરીના રવાડે ચડે છે અને ઈશ્વરીય શ્રદ્ધાથી કેવી રીતે પાછો ફરે છે, તેના પર આધારિત હોવાથી કેદીઓ ભાવુક થયા હતા. જેલ અધિક્ષક ઉષા રાડાના જણાવ્યા મુજબ, કેદીઓના જીવનમાં હકારાત્મક પરિવર્તન આવે તે જ આ આયોજનનો મુખ્ય હેતુ હતો. ફિલ્મ પૂર્ણ થતાં જ વાતાવરણ ભક્તિમય બની ગયું હતું અને કેદીઓ 'દ્વારિકા નો નાથ' ગીત પર મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા. આ ઘટનાએ જેલની ચાર દીવાલો વચ્ચે એક નવી ઉર્જાનો સંચાર કર્યો હતો.

## ગેંગવોરની આશંકામાં વારસિયામાં વાહનો સળગાવાયા

વડોદરાના વારસિયા વિસ્તારમાં મધરાતે બનેલી આગચંપીની ઘટનાએ સ્થાનિકોમાં ફફડાટ ફેલાવી દીધો છે. ગત મોડી રાત્રે અસામાજિક તત્વોએ સાઈબાબા નગરના ખુલ્લા પ્લોટમાં પાર્ક કરેલી એક 'થાર' કારને નિશાન બનાવી આગ ચાંપી હતી. આગ એટલી વિકરાળ હતી કે તેની ઝપેટમાં બાજુમાં પાર્ક કરેલી 'વેન્યુ' અને 'ટ્રાઈબર' કાર પણ આવી જતાં ત્રણેય ગાડીઓ બળીને ખાખ થઈ ગઈ હતી.

આટલેથી ન અટકતા, તોફાની તત્વોએ અંજલિ સોસાયટીમાં પાર્ક કરેલી એક ઓટો રિક્ષાને પણ પેટ્રોલ છાંટીને સળગાવી દીધી હતી. રિક્ષા ચાલક નંદલાલભાઈના જણાવ્યા મુજબ, રાત્રે ૧:૩૫ વાગ્યે પાડોશીએ ફોન કરી જાણ કરી ત્યારે તેઓ જાગ્યા હતા અને ઘટનાસ્થળેથી પેટ્રોલની બોટલ પણ મળી આવી હતી. આગની ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડ દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો.

પ્રાથમિક દ્રષ્ટિએ આ ઘટના શહેરના કુખ્યાત બુટલેગરો અલ્પુ સિંધી અને હેરી લુધવાણી વચ્ચેની જૂની અદાવત અને ગેંગવોરનું પરિણામ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સાત મહિના પહેલા થયેલી માથાકૂટનો બદલો લેવા આ કૃત્ય કરાયું હોવાની શંકા છે. હાલ વારસિયા અને સિટી પોલીસે સંયુક્ત રીતે આ મામલે તપાસ હાથ ધરી છે. રહેણાંક વિસ્તારમાં વાહનો સળગાવવાની આ ઘટનાથી લોકોમાં ભયનો માહોલ છે.



## ભાવનગર: દારૂ મુદ્દે કોંગ્રેસના સરકાર પર આકરા પ્રહાર

ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસ પ્રવક્તા પ્રગતિબેન આહીરે ભાવનગર પોલીસ સમક્ષ ઉગ્ર રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું કે ભાવનગરનું આનંદનગર દારૂનો દરિયો બની ગયું છે, જે જનતા જાણે છે પણ તંત્ર અજાણ છે. તેમણે ચોંકાવનારો દાવો કર્યો કે પાનના ગલ્લે સીરપ અને પડીકીના નામે ડ્રગ્સ વેચાય છે. સરકાર પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે ખાનગી પોર્ટ પરથી ડ્રગ્સ ઘુસાડવામાં આવે છે. આહીરે આરોપ લગાવ્યો કે યુવાધન સવાલ ન ઉઠાવે તે માટે તેમને નશામાં ધકેલવાની આ ભાજપ અને સંઘની વિચારધારા છે. પોલીસ હપ્તાખોરી બંધ કરી સંવિધાન મુજબ કામ કરે તેવી તેમણે અપીલ કરી હતી.



## પોલીસમાં ભ્રષ્ટાચાર: કોન્સ્ટેબલે પીઆઈનું જ લાખોનું કરી નાખ્યું

અમદાવાદ પોલીસ બેડામાં હાલ ભ્રષ્ટાચાર અને આંતરિક 'વહીવટ'ની ચર્ચાએ જોર પકડ્યું છે. 'વાડ જ ચીભડાં ગળે' તેવો ઘાટ સર્જાયો છે, જેમાં એક કોન્સ્ટેબલે ખુદ પીઆઈના જ લાખો રૂપિયાની ઉચાપત કરી નાખી છે. અગાઉ એક મહિલા ડીસીપીની ભલામણથી આ કોન્સ્ટેબલે પીઆઈનો આર્થિક કારોબાર સંભાળ્યો હતો, પરંતુ હવે તક મળતા જ તે મોટી રકમ લઈને રફુચક્કર થઈ ગયો છે અને કોઈને ગાંઠતો નથી. શહેરમાં 'સેટિંગ' અને 'કલેક્શન'નું નેટવર્ક જોરશોરથી ચાલી રહ્યું છે.



ટ્રાફિક શાખામાં એક વિવાદાસ્પદ અધિકારીના નામે ઉઘરાણી થઈ રહી છે, તો પૂર્વ વિસ્તારમાં દારૂના દૂષણ વચ્ચે પણ એક પીઆઈના માણસે છ પોલીસ સ્ટેશનની જવાબદારી સંભાળી લીધી છે. પશ્ચિમ વિસ્તારમાં પોલીસ સ્ટેશનની પાછળ જ દારૂનો અડ્ડો ધમધમી રહ્યો છે, છતાં પ્રમોશનની લાલચમાં અધિકારીઓ મૌન સેવી રહ્યા છે. એક તરફ ઈમાનદાર આઈપીએસ અધિકારી છે, તો તેમની નીચે જ પીએસઆઈ કમાણી કરવામાં મસ્ત છે. વળી, એક મહિલા અધિકારી માટે તો ખાસ માણસો આખા શહેરમાંથી 'કવર' ઉઘરાવી રહ્યા છે. આમ, પોલીસ વિભાગમાં શિસ્તના બદલે હાલ 'સ્વાર્થ' અને 'મલાઈ' ખાવાની હોડ જામી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

## ધોરણ ૧૨ના વિદ્યાર્થીનો રહસ્યમય સંજોગોમાં આપઘાત

વડોદરામાં કિશોરો દ્વારા આત્મહત્યાના વધતા બનાવો ચિંતાજનક બની રહ્યા છે. શહેરના સીટી વિસ્તારમાં આવેલી વેદમાતા ગાયત્રી કૃપા સોસાયટીમાં રહેતા અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતા ૧૭ વર્ષીય જીગ્નેશ વણઝારાએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી છે. જીગ્નેશ રાત્રે બહારથી ઘરે પરત ફર્યો હતો અને વહેલી સવારે પંખા સાથે સાડી બાંધીને આત્યંતિક પગલું ભરી લીધું હતું. આશાસ્પદ પુત્રના અકાળે મૃત્યુથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજુ અકબંધ છે, ત્યારે સત્ય જાણવા માટે તેના મોબાઈલ ફોનની FSL તપાસ કરાવવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## દારૂબંધી: મહિલા કોંગ્રેસ મેવાણીની પડખે, ૨૯મીએ રેલી યોજાશે

થરાદમાં દારૂબંધીના મુદ્દે ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને પોલીસ વચ્ચેના ઘર્ષણ બાદ રાજકારણ ગરમાયું છે. હવે મેવાણીના સમર્થનમાં મહિલા કોંગ્રેસ મેદાને આવી છે. કોંગ્રેસી નેતાઓએ આક્ષેપ કર્યો છે કે મેવાણીનો વિરોધ કરનાર જૂથ પોલીસ પરિવાર નહીં પણ ભાજપના કાર્યકરો છે. દારૂ અને ડ્રગ્સના દૂષણ સામે આગામી ૨૯મી તારીખે અમદાવાદમાં જૂની કમિશનર કચેરીથી કલેક્ટર ઓફિસ સુધી વિશાળ રેલી યોજવામાં આવશે.

મહિલા કોંગ્રેસ પ્રમુખ ગીતાબેન પટેલ અને સોનલ પટેલે સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે ગુજરાત 'ઉડતા પંજાબ' જેવી સ્થિતિમાં છે અને અહીં દારૂની હોમ ડિલિવરી થાય છે. તેમણે દાવો કર્યો કે ૨૦૨૧થી ૨૦૨૫ સુધીમાં ૧૬ હજાર કરોડનું ડ્રગ્સ પકડાયું છે. કોંગ્રેસે અલ્ટીમેટમ આપ્યું છે કે જો તંત્ર દારૂના અડ્ડા બંધ નહીં કરાવે તો મહિલા કોંગ્રેસ જાતે 'જનતા રેડ' કરશે.

## બોમ્બ ધમકી કેસમાં રેનીને હાઈકોર્ટે શરતી જામીન

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, શાળાઓ અને અન્ય સંસ્થાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપનાર રેની જોશિલ્ડાને ગુજરાત હાઈકોર્ટે શરતી જામીન આપ્યા છે. બોપલ અને સરખેજ વિસ્તારની શાળાઓને ધમકી આપવાના કેસમાં સેશન્સ કોર્ટે જામીન નકારતા તેણે હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે નોંધ્યું હતું કે બંને કેસમાં ચાર્જશીટ થઈ ચૂકી છે અને આરોપી અંગત સંબંધોને કારણે માનસિક રીતે અસ્થિર હતી. ઉલ્લેખનીય છે કે, રેનીએ તેના પરણીત પ્રેમીને બદનામ કરવા માટે દેશભરમાં અનેક સંસ્થાઓને ધમકીભર્યા ઈમેઈલ કર્યા હતા. સરકારી વકીલે દલીલ કરી હતી કે તેણે ૧૧ રાજ્યોમાં ધમકીઓ આપી હતી, જેથી તેને જામીન ન મળવા જોઈએ, પરંતુ કોર્ટે શરતી જામીન મંજૂર કર્યા છે.




## અમદાવાદ: આક્રમક શ્વાનોને હવે ઢોરવાડામાં રખાશે




અમદાવાદમાં રખડતા શ્વાનોનો આતંક ચિંતાજનક હદે વધ્યો છે. માત્ર સોલા સિવિલ હોસ્પિટલમાં જ વર્ષ ૨૦૨૫માં શ્વાન કરડવાના ૧૭,૨૨૬ કેસો નોંધાતા તંત્ર હરકતમાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશોના પગલે, હવે શહેરમાં આક્રમક અને રખડતા શ્વાનો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. બાકરોલ અને વસ્ત્રાલ ખાતે અગાઉ ઢોર માટે બનાવેલા વાડાઓમાં હવે આ શ્વાનોને આશ્રય આપવામાં આવશે. એનિમલ વેલ્ફેર બોર્ડ અને પશુપાલન વિભાગ દ્વારા ટૂંક સમયમાં આ અંગે સત્તાવાર પરિપત્ર જાહેર કરી અમલવારી શરૂ કરાશે, જેથી શહેરીજનોને આ સમસ્યામાંથી રાહત મળી શકે.

## અમદાવાદ: તળેલા તેલના નિકાલમાં બેદરકારી, ૨૭ એકમોને નોટિસ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે શહેરમાં તળેલા તેલનો (Used Cooking Oil) ગેરકાયદે નિકાલ કરતા ખાદ્ય એકમો સામે લાલ આંખ કરી છે. FSSAI ના નિયમ મુજબ, દૈનિક ૫૦ લીટરથી વધુ તેલનો વપરાશ કરતા એકમોએ બળેલું તેલ માત્ર અધિકૃત બાયો-ફ્યુઅલ બનાવતી એજન્સીને જ આપવું ફરજિયાત છે. તેમ છતાં, અનેક હોટલ અને ફરસાણના વેપારીઓ આ તેલ સાબુ બનાવતી કંપનીઓને પધરાવી દેતા હોવાનું તપાસમાં ખુલ્યું છે.

વારંવાર ગરમ થયેલું તેલ (જ્યારે TPC ૨૫% થી વધે) માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી બને છે, જેનાથી હૃદય અને લિવરના ગંભીર રોગોનું જોખમ વધે છે. આ ગંભીર બેદરકારી બદલ ફૂડ વિભાગે મણિનગરની મહેતા સ્વીટ્સ, લિજ્જત ખમણ, ગોતાના અંબિકા દાળવડા, રાયપુર ભજીયા હાઉસ, નરોડાના સમ્રાટ નમકીન અને ગ્વાલિયા સ્વીટ્સ સહિત કુલ ૨૭ એકમોને નોટિસ ફટકારી છે. તપાસ દરમિયાન આ એકમો



પાસે તેલના વપરાશ કે નિકાલ અંગેનું કોઈ રજીસ્ટર પણ મળી આવ્યું ન હતું. તંત્રએ તમામ એકમોને ૭ દિવસમાં સુધારો કરવા અને નિયમોનું ચુસ્ત પાલન કરવા અલ્ટીમેટમ આપ્યું છે.

**અમદાવાદમાં બળેલા તેલનો ગેરકાયદે નિકાલ કરતા ૨૭ ફૂડ એકમોને AMC એ નોટિસ આપી. સાબુ કંપનીઓને તેલ વેચતા હોવાનું ખુલ્યું.**

## અમદાવાદ: મેપિંગની જટિલ કામગીરી સામે ૨૦૦ BLOના ધરણાં

અમદાવાદના અમરાઈવાડીમાં ચૂંટણીપંચની મેપિંગ કામગીરીનો વિરોધ વંટોળ સર્જાયો છે. ખોખરા સ્થિત કે. કા. શાસ્ત્રી કોલેજમાં ૨૦૦થી વધુ બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) ધરણાં પર ઉતરી આવ્યા છે. BLOsનો આક્ષેપ છે કે ૨૦૦૨ની મતદાર યાદી મુજબ ડેટા મેપિંગ કરવું અને ઓળખ કરવી અત્યંત કપરું છે. વળી, અધિકારીઓ સતત દબાણ અને નોટિસની ધમકી આપતા હોવાથી શિક્ષકો ત્રસ્ત છે. મહિલા BLOsને મોડી રાત સુધી ફિલ્ડમાં કામ કરવું પડતું હોવાથી સુરક્ષાના પ્રશ્નો પણ ઉભા થયા છે.

## ઓફિસમાં બેસી રિપોર્ટ બનાવનાર મેજિસ્ટ્રેટને હાઈકોર્ટની લપડાક

અમદાવાદમાં દહેજ ત્રાસથી પીડિત પરિણીતાએ ફિનાઈલ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. સોલા સિવિલમાં સારવાર લઈ રહેલી મહિલાનું 'ડાઈંગ ડેકલેરેશન' લેવા જવાની તસ્દી લેવાને બદલે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સહદેવ સગરે ઓફિસમાં બેઠા-બેઠા જ "હાલ જરૂર નથી" તેવો શેરો મારી દેતા હાઈકોર્ટ લાલઘૂમ થઈ છે. કોર્ટે આ બેદરકારીને અત્યંત ગંભીર ગણાવી એક સપ્તાહમાં ખુલાસો માંગ્યો છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે કારકિર્દીમાં આવી નિષ્કાળજી જોઈ નથી. જો ખુલાસો સંતોષકારક નહીં હોય તો જિલ્લા કલેક્ટર સુજીતકુમારને કોર્ટમાં હાજર થવું પડશે.

## અમદાવાદ: ટ્રાયલ રૂમના બહાને મહિલાઓ ડ્રેસ ચોરી ગઈ

અમદાવાદના ચાંદલોડિયા વિસ્તારમાં 'ટ્રાયલ રૂમ'ની આડમાં ચોરી કરતી મહિલા ટોળકીનો કારસો સામે આવ્યો છે. અહીં એક રેડીમેડ ગાર્મેન્ટની દુકાનમાં ગ્રાહક બનીને આવેલી ત્રણ મહિલાઓએ દુકાનદારની નજર ચૂકવીને પાંચ પંજાબી ડ્રેસની ઉઠાંતરી કરી હતી. આ શાતિર મહિલાઓ ટ્રાયલ માટે એકસાથે બે ડ્રેસ લઈ જતી અને પરત આવતી વખતે સિફતપૂર્વક એક ડ્રેસ છુપાવી લેતી હતી. વેપારીએ સ્ટોક ચેક કરતા ઘટ પડતા સીસીટીવી તપાસ્યા હતા, જેમાં સમગ્ર કરતૂત કેદ થઈ ગઈ હતી. વેપારીની ફરિયાદના આધારે સોલા પોલીસે સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ શરૂ કરી છે.

## અમિત શાહે હાર્મોનિયમ શીખવા ઈચ્છતી દીકરીની જવાબદારી ઉપાડી

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાયેલા ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં એક સંવેદનશીલ કિસ્સો બન્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સંગીત સ્પર્ધામાં વિજેતા થયેલી ધોરણ-૫ની વિદ્યાર્થિની પ્રગતિ ચૌહાણને સન્માનિત કરી હતી. ઈનામ વિતરણ સમયે શાહે સહજતાથી પૂછ્યું કે તે સંગીતના ક્લાસ કરે છે? ત્યારે પ્રગતિએ નિખાલસતાથી જણાવ્યું કે ઘરની નબળી આર્થિક સ્થિતિને કારણે તેણે હાર્મોનિયમના ક્લાસ બંધ કરવા પડ્યા છે.

આ સાંભળીને અમિત શાહે તુરંત જ બાળકીના સંગીત શિક્ષણ માટે મદદ કરવાની ખાતરી આપી હતી અને અધિકારીઓને તેની વિગતો નોંધવા સૂચના આપી હતી. પ્રગતિના પિતા નાગજીભાઈ કારખાનું બંધ થયા બાદ આર્થિક સંકડામણ વચ્ચે પણ દીકરીના સપના માટે સંઘર્ષ કરી રહ્યા છે. પ્રગતિ અત્યાર સુધી ૩૫૦ જેટલા કાર્યક્રમોમાં પોતાની કળા બતાવી ચૂકી છે, પરંતુ તેને પ્રોફેશનલ તાલીમની તાતી જરૂર હતી. ગૃહમંત્રીના આશ્વાસન બાદ શાળા દ્વારા પ્રગતિની તમામ વિગતો તેમની ઓફિસે મોકલી આપવામાં આવી છે. હવે પ્રગતિ સારા ક્લાસ જોઈન કરી વિદેશમાં પરફોર્મ કરી ગુજરાતનું નામ રોશન કરવા આતુર છે.



## ખાનપુર: દારૂડિયા શિક્ષકે બ્રેઝા કારથી બાઈક ઉડાવ્યું

ખાનપુરની લીમડિયા ચોકડી પર આજે એક હચમચાવી દેતી ઘટના સામે આવી છે. અહીં દારૂના નશામાં ધૂત એક શિક્ષકે પોતાની બ્રેઝા કારથી બાઈક ચાલકને અડફેટે લઈ જીવલેણ હુમલો કર્યો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે જાણે શિક્ષક બાઈક ચાલકને કચડી નાખવા જ માંગતો હોય તેવું લાગી રહ્યું હતું. આ ઘટના બાદ આસપાસના લોકો દોડી આવ્યા હતા.

સૌથી શરમજનક બાબત એ છે કે અકસ્માત સર્જનાર વ્યક્તિ પવિત્ર વ્યવસાય સાથે સંકળાયેલ શિક્ષક છે. હજુ થોડા દિવસો પહેલા જ અન્ય એક શિક્ષકે આવી જ રીતે અકસ્માત સર્જ્યો હતો. આ મહિનામાં શિક્ષક દ્વારા 'હિટ એન્ડ રન'ની આ બીજી ઘટના નોંધાતા શિક્ષણ જગત પણ શર્મસાર થયું છે. દારૂબંધીના રાજ્યમાં શિક્ષકો જ દારૂ પીને ગાડી ચલાવે અને નિર્દોષોના જીવ જોખમમાં મૂકે તે કેટલું યોગ્ય? તેવા સવાલો ઉઠી રહ્યા છે.



**ખાનપુરની લીમડિયા ચોકડી પર દારૂડિયા શિક્ષકે બ્રેઝા કારથી બાઈક ચાલકને કચડવાનો પ્રયાસ કર્યો. મહિનામાં શિક્ષક દ્વારા બીજી ઘટના.**

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ગુજરાત: હવે Google Pay-PhonePe થી ભરો ટ્રાફિક દંડ

રાજ્યમાં હવે ટ્રાફિક નિયમ ભંગ બદલ ફટકારવામાં આવતા ઈ-મેમો ભરવા માટે કચેરીના ધક્કા ખાવાની જરૂર નથી. નાગરિકો હવે ગુગલ-પે, ફોન-પે અને ભીમ એપ જેવી UPI સેવાઓ દ્વારા ઘરે બેઠા દંડ ભરી શકશે. જોકે, આ સુવિધાનો લાભ લેવા માટે સમયમર્યાદાનું ધ્યાન રાખવું પડશે. જો ૯૦ દિવસમાં દંડ ન ભર્યો, તો ચલણ આપોઆપ વર્ચ્યુઅલ કોર્ટમાં જતું રહેશે, જ્યાં પ્રક્રિયા જટિલ બની શકે છે. ૧લી ઓક્ટોબરથી અત્યાર સુધીમાં આ નવી સિસ્ટમ થકી ૧૮ લાખથી વધુનો દંડ વસૂલાયો છે.





## ઘોઘંબા: અંધશ્રદ્ધામાં પશુબલિ, ત્રણ અબોલ જીવો બચાવાયા

ઘોઘંબા તાલુકાના ચેલાવાડા ગામે અંધશ્રદ્ધાની આડમાં મૂંગા પશુઓની બલિ ચઢાવવામાં આવતી હોવાનો પર્દાફાશ થયો છે. જીવદયા માટે કાર્યરત 'દર્શના એનિમલ વેલ્ફેર' સંસ્થાને આ અંગે ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે સંસ્થાના સમીર ગજ્જરે રાજગઢ પોલીસની મદદ લઈ ઘટનાસ્થળે આકસ્મિક રેડ પાડી હતી.

પોલીસ અને સંસ્થાની ટીમ ત્યાં પહોંચી ત્યારે આરોપીઓ રંગેહાથ ઝડપાયા હતા. કુલ આઠ પશુઓને બલિ માટે એકઠા કરાયા હતા, જોકે ટીમની સમયસૂચકતાને કારણે ત્રણ પશુઓને મોતના મુખમાંથી ઉગારી લેવામાં આવ્યા હતા. આ અમાનવીય કૃત્યમાં સામેલ નેવસિંહ રાઠવા, કાળુભાઈ રાઠવા, રાવજીભાઈ રાઠવા, વિરેન્દ્રસિંહ બારીયા અને ટીનું રાઠવા સામે પોલીસે લાલ આંખ કરી છે.

પોલીસે આરોપીઓ વિરુદ્ધ પશુ ક્રૂરતા અને ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ



ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અંધશ્રદ્ધાના નામે થતી આવી હિંસા સામે જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

**ઘોઘંબાના ચેલાવાડામાં અંધશ્રદ્ધાની આડમાં ચાલતા પશુબલિના કૌભાંડનો પર્દાફાશ! રાજગઢ પોલીસ અને દર્શના એનિમલ વેલ્ફેરની રેડમાં 3 અબોલ જીવોનો બચાવ. વાંચો આ હચમચાવી દેતી ઘટનાનો સંપૂર્ણ અહેવાલ.**

## વડોદરા: ચોકસી બજાર શૌચાલયમાં પાણીના અભાવે ગ્રાહકો ત્રાહિમામ

વડોદરાના હાર્દસમા વિસ્તાર ગણાતા ઘડિયાળી પોળમાં આવેલ ચોકસી બજાર શૌચાલયમાં પાણીના અભાવે ગંભીર સમસ્યા સર્જાઈ છે. બજારમાં ખરીદી અર્થે આવતા હજારો ગ્રાહકો અને સ્થાનિક વેપારીઓ જાહેર શૌચાલયમાં પાણી ન હોવાથી ભારે હાલાકી ભોગવી રહ્યા છે. પાણી વગર શૌચાલયમાં ગંદકીના થર જામ્યા છે અને અસહ્ય દુર્ગંધને કારણે અહીંથી પસાર થવું પણ મુશ્કેલ બન્યું છે. સ્વચ્છતા અભિયાનના દાવા વચ્ચે પ્રાથમિક સુવિધાના અભાવે લોકોમાં પાલિકા તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વેપારીઓએ સત્વરે પાણીની સુવિધા શરૂ કરવા માંગ કરી છે.




## માંડવી દરવાજાના મુદ્દે સાંસદને ખુલ્લો ડિબેટ પડકાર

વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીએ માંડવી દરવાજાની જાળવણી મુદ્દે શહેરના સાંસદ ડો. હેમાંગ જોષીને ખુલ્લો પડકાર આપતા રાજકીય ચર્ચા તેજ થઈ છે. ઋત્વિજ જોષીના કહેવા મુજબ, વિઠ્ઠલ મંદિરના હરિઓમ વ્યાસ મહારાજના નેતૃત્વ હેઠળ ચાલી રહેલા 227 દિવસના આંદોલન દરમ્યાન સાંસદે માંડવી દરવાજાની યોગ્ય જાળવણી માટે "બ્રહ્મ વચન" આપ્યું હતું, પરંતુ આ દિશામાં કોઈ કાર્ય દેખાતું નથી.

ઋત્વિજ જોષીએ આક્ષેપ કર્યો કે શહેરનાં અનેક મહત્વના કામોમાં પણ પ્રગતિ જોવા મળી નથી, જ્યારે સાંસદ લોકપ્રિયતા માટે માત્ર રાજકીય ટિપ્પણીઓ કરવાનું પસંદ કરે છે. તેમણે સરદાર પટેલ સ્ટેડિયમને મૂળ નામ પરત આપવાની અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટને સરદાર પટેલનું નામ આપવા જેવી માંગણીઓ પણ ઉઠાવી.

કોંગ્રેસ પ્રમુખે સાંસદને ખુલ્લો ઓપન ડિબેટ કરવાનો પડકાર આપ્યો છે જેથી વડોદરા સંબંધિત મુદ્દાઓ અને કામગીરી અંગે પારદર્શક ચર્ચા થઈ શકે. સાથે જ તેમણે શહેરમાં પાણી, આરોગ્ય અને પ્રાથમિક સુવિધાઓના પ્રશ્નોને પણ ગંભીર ગણાવતા તીવ્ર નિરાશા વ્યક્ત કરી છે.



## રાજકોટ: PI ભરત બોરીસાગર સામે ફરિયાદ નોંધવા કોર્ટનો આદેશ

રાજકોટના તત્કાલિન LCB PSI અને હાલના A ડિવિઝન PI ભરત બોરીસાગર સામે કોર્ટે લાલ આંખ કરી છે. દોઢ કરોડના હવાલા પ્રકરણમાં વેપારી રોહિત ચંદ્રાલાને ગેરકાયદે ગોંધી રાખી, અસહ્ય માર મારીને પ્રાઈવેટ પાર્ટમાં ઈલેક્ટ્રિક શોક આપ્યાના ગંભીર આક્ષેપો થયા હતા. વસૂલાતનું આ કામ દલીપ સખીયાએ સોંપ્યું હોવાનું ખુલ્યું હતું. આ મામલે વેપારીની અરજી પર સુનાવણી બાદ ચીફ કોર્ટે PI બોરીસાગર સહિતનાઓ સામે મારપીટ અને ધમકી સબબ ગુનો દાખલ કરવા આદેશ આપતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.

## ગોંડલ: ટેકનોલોજીની મદદથી બાઈક ચોરને પોલીસે દબોચી લીધો

ગોંડલ બી ડિવિઝન પોલીસે વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે અશોક પ્રકાશભાઈ સાડમીયા નામના શખ્સને ચોરીના સ્પ્લેન્ડર બાઈક (GJ03EM 9920) સાથે ઝડપી લેવાયો છે.

પીઆઈ જે.પી. રાવની ટીમે ગુનાને ઉકેલવા માટે સીસીટીવી ફૂટેજ ઉપરાંત 'પોકેટ કોપ' અને 'e-ગુજકોપ' જેવી આધુનિક એપ્લિકેશન્સનો ઉપયોગ કર્યો હતો. ઉચ્ચ અધિકારીઓની મિલકત વિરુદ્ધના ગુનાઓ અટકાવવાની સૂચના બાદ પોલીસે સર્વેલન્સ સઘન બનાવ્યું હતું, જેમાં આ સફળતા મળી છે. પોલીસે આરોપી પાસેથી બાઈક કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મહુવા: માતાના પ્રેમીએ કિશોરની હત્યા કરી લાશ કૂવામાં ફેંકી

મહુવામાં અરેરાટીભરી ઘટના સામે આવી છે. નૂર સોસાયટીમાં રહેતા હસન સલાટ નામના શખ્સે ૧૭ વર્ષીય કિશોર ઉવેશ કાળવાતરની ઘાતકી હત્યા કરી નાખી છે. મૃતકની માતા સાથે આરોપીને આડા સંબંધ હોવાની જાણ કિશોરને થઈ જતા, આરોપીએ તેને માથામાં પથ્થર મારી, લાશ દોરડાથી બાંધીને અવાવરુ કૂવામાં ફેંકી દીધી હતી. મહુવા પોલીસે સીસીટીવીના આધારે ગણતરીના કલાકોમાં આ ભેદ ઉકેલી આરોપીને ઝડપી લીધો છે.

**રિપોર્ટર: સમીર ખોખર, અમરેલી**



## સિહોરમાં સ્ટેટ GSTના દરોડા: બોગસ બિલિંગ કૌભાંડનો પર્દાફાશ

ભાવનગર જિલ્લાના સિહોરમાં આજે વહેલી સવારથી સ્ટેટ GST વિભાગ ત્રાટક્યું છે. રાજકોટ વિંગ સહિતના અધિકારીઓની સંયુક્ત ટીમે વિવિધ સ્થળોએ દરોડા પાડતા સિહોરના ઔદ્યોગિક વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. પ્રાથમિક તપાસમાં સિહોરમાંથી મોટાપાયે બોગસ બિલિંગનું નેટવર્ક પકડાયું હોવાની વિગતો સામે આવી છે. માત્ર કાગળ પર વ્યવહારો બતાવીને ટેક્સ ચોરી કરતા તત્વો સામે આ લાલ આંખ કરવામાં આવી છે. હાલ અધિકારીઓ દ્વારા હિસાબી સાહિત્ય અને દસ્તાવેજોની ઝીણવટભરી ચકાસણી ચાલી રહી છે, જેમાં કરોડોની કરચોરી બહાર આવે તેવી શક્યતા છે.

**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**




## આભાપુરામાં ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભક્તોનું ઘોડાપૂર

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના આભાપુરા ગામે ૨૪ થી ૨૬ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન ઠાકોર સમાજની કુળદેવી મહાકાળી માતાજી, અંબે મા અને વીર મહારાજની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ત્રિદિવસીય ધાર્મિક પ્રસંગે આભાપુરામાં શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઉમટ્યું હતું.

આ મહોત્સવમાં બનાસડેરીના ચેરમેન અમરતજી ઠાકોર, ગોઠડા ગામના મામલતદાર, વિવિધ ગામના સરપંચો, જિલ્લા-તાલુકા પંચાયતના અગ્રણીઓ તેમજ સંતો-મહંતો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનો દ્વારા મહાનુભાવોનું ફૂલહાર અને શાલ ઓઢાડીને ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. દાંતા તાલુકાના ૬૦ જેટલા ગામોના લોકોએ આ ઉત્સવનો લાભ લીધો હતો.

સતત ત્રણ દિવસ સુધી અવિરત મહાપ્રસાદનું આયોજન કરાયું હતું, જેમાં દાળબાટી, શુદ્ધ ઘીનો શીરો, મગ અને દાળભાત જેવા વ્યંજનો પીરસવામાં આવ્યા હતા. બારડ, દરબાર, પ્રજાપતિ અને સુથાર સહિત સર્વે સમાજે એકજૂથ થઈને આયોજનમાં સાથ આપ્યો હતો. રાત્રિના સમયે લોકગાયક રાહુલ ઠાકોર અને નાગજી મદ્રોપુરે લાઈવ ડીજેના સંગાથે રમઝટ બોલાવી હતી. યજ્ઞ અને હોમ-હવન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી. ગામના યુવાનોએ સ્વયંસેવક તરીકે ખડેપગે સેવા આપી પ્રસંગને દીપાવ્યો હતો.

**રિપોર્ટર: વિષ્ણુ ઠાકોર**

**દાંતાના આભાપુરામાં ભક્તિભાવ સાથે ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન**



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## સાવલી, જરોદ અને તાલુકાઓમાં વિવિધ ભંગના કેસ નોંધાયા

સાવલી વિસ્તારમાં પ્રતિબંધિત ચાઇનીઝ દોરીના ગેરકાયદેસર વેચાણનો મામલો સામે આવ્યો છે. પ્લાસ્ટિકથી બનેલી જોખમી દોરીનો મોટો જથ્થો સાથે બે વ્યક્તિઓ—બાદરૂ મેડા અને રાઘવ પાલ—પકડાયા હોવાનું જાણવા મળે છે. તેમની પાસેથી અંદાજે રૂ. 1,20,600ની દોરી તથા ટેમ્પો મળતા ઉદ્યોગ વિસ્તાર ફરી ચર્ચામાં આવી ગયો. જરોદના ખંડીવાડા ગામે મકાન માલિકે પોતાના પરપ્રાંતીય ભાડુઆતોની જરૂરી પોલીસ નોંધણી ન કરાવતા જાહેરનામા ભંગનો કેસ નોંધાયો છે. ભાડૂતી સૂચનાઓની અવગણનાને લઈને ગ્રામ્ય વિસ્તારોમાં આ મુદ્દે ફરી ચિંતા વ્યક્ત થઈ રહી છે. આ ઉપરાંત વડુ, શિનોર, કરજણ, વાઘોડિયા અને વડોદરા તાલુકાના વિવિધ વિસ્તારોમાં અડચણરૂપ પાર્કિંગ, ટ્રાફિક નિયમોનો ભંગ અને બેફામ વાહન ચલાવવાના અનેક બનાવ નોંધાયા છે. સતત વધતા ટ્રાફિક અવ્યવસ્થાથી સ્થાનિક લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

## વડોદરા: એમપીનો વોન્ટેડ આરોપી ઝડપાયો

વડોદરા ગ્રામ્યની વરણામા પોલીસે 'ઓપરેશન પરાક્રમ' અભિયાનમાં મહત્વની સફળતા હાંસલ કરી છે. મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના સોંડવા પોલીસ મથકે ગંભીર ગુનામાં વોન્ટેડ આરોપી ભલસિંહ ઉર્ફે ભોલા કીરાડ વરસાડા સ્થિત સતલુજ હોટલ પર આશરો લઈ રહ્યો હતો. ચોક્કસ બાતમીના આધારે પીઆઈ એસ.જે. વાઘેલાની ટીમે હોટલ કોર્ડન કરી તેને દબોચી લીધો છે. પોલીસે આરોપીની અટકાયત કરી તેનો કબજો મધ્યપ્રદેશ પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.



## વડોદરા જિલ્લામાં વ્યાજખોરી, જુગાર અને ડ્રંક ડ્રાઇવિંગ કેસો




વડોદરા તાલુકામાં વ્યાજખોરીનો એક તાજેતરનો કેસ ચર્ચામાં આવ્યો છે, જેમાં ચીમનભાઈ પરમાર નામના વ્યક્તિએ લાયસન્સ વિના ઊંચા વ્યાજે નાણાં ધીર્યા હોવાનો આક્ષેપ થયો છે. ફરિયાદીના જણાવ્યા પ્રમાણે મુદ્દલ અને નક્કી કરાયેલ વ્યાજ ચૂકવી દેવાયા બાદ પણ વધુ રકમની માંગણી કરવામાં આવી હતી, જેના કારણે આ મુદ્દો વિવાદાસ્પદ બન્યો છે. સ્થાનિક સ્તરે વધતી વ્યાજખોરીની પ્રવૃત્તિઓ અંગે ફરી ચિંતા વ્યક્ત થઈ રહી છે.
ત્યારે શિનોર તાલુકાના સાધલી ગામ અને ડભોઈ વિસ્તારમાં વરલી મટકાના જુગારના કિસ્સાઓ સામે આવ્યા છે. બંને સ્થળોએ જુગાર રમતા ઈસમોને પકડવામાં આવતા ગ્રામ્ય વિસ્તારોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર વધુ એકવાર ધ્યાન ગયું છે. સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે, રાત્રિના સમયે આવા બેઠકો વધતી જતી જોવા મળે છે. ડ્રંક એન્ડ ડ્રાઈવના બનાવોમાં પણ વધારો નોંધાયો છે. વાઘોડિયા, જરોદ, વડોદરા તાલુકા અને મંજુસર વિસ્તારમાં દારૂ પીને વાહન ચલાવતા અનેક ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. રસ્તા પર બેફામ અને જોખમી રીતે વાહન ચલાવવાના આવા બનાવો ટ્રાફિક સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરી રહ્યા છે.
આ તમામ ઘટનાઓને કારણે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને માર્ગ સલામતી અંગે ચર્ચા વધી રહી છે.

## પાક. મૌલવીનો બફાટ: ઐશ્વર્યા રાય સાથે નિકાહનો દાવો



પાકિસ્તાનના વિવાદિત મૌલવી મુફ્તી અબ્દુલ કાવી ફરી એકવાર પોતાની શરમજનક ટિપ્પણીઓને કારણે ચર્ચામાં આવ્યા છે. તાજેતરમાં એક પોડકાસ્ટ દરમિયાન તેમણે બોલિવૂડ સ્ટાર ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચનના અંગત જીવન પર ટિપ્પણી કરતા બફાટ કર્યો હતો. કાવીએ દાવો કર્યો છે કે, "જો ઐશ્વર્યા અને અભિષેકના છૂટાછેડા થશે, તો અભિનેત્રી સામેથી મને નિકાહનો સંદેશો મોકલશે". એટલું જ નહીં, તેમણે શરમજનક નિવેદન આપતા કહ્યું કે તેઓ ઐશ્વર્યા સાથે નિકાહ કરી તેનું ધર્મ પરિવર્તન કરાવશે અને તેનું નામ બદલીને 'આયેશા રાય' રાખશે.'અનફોલ્ડ પાકિસ્તાન' નામની યુટ્યુબ ચેનલ પર આ વિડિયો વાયરલ થયો છે. આ પહેલા તેમણે રાખી સાવંત વિશે પણ આવા જ દાવા કર્યા હતા અને તેને 'ફાતિમા' કહીને બોલાવવાની વાત કરી હતી. મુફ્તી કાવીનો ઇતિહાસ વિવાદોથી ખરડાયેલો છે. ભૂતકાળમાં પાકિસ્તાની મોડલ કંદીલ બલોચ સાથેની તેમની મુલાકાત અને વાંધાજનક વીડિયો ભારે ચર્ચામાં રહ્યા હતા. એક ધાર્મિક આગેવાન તરીકે ઓળખાવતા વ્યક્તિની આવી વિકૃત માનસિકતા સામે સોશિયલ મીડિયા પર ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## ઇમરાન ખાનના મૃત્યુની અફવા, જેલમાં મળવા દેવાની માગ

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઇમરાન ખાનના મૃત્યુને લઈને સોશિયલ મીડિયા પર અફવાઓ ફેલાઈ છે. તેઓ ઑગસ્ટ ૨૦૨૩થી રાવલપિંડીની અડિયાલા જેલમાં છે. છેલ્લા ત્રણ અઠવાડિયાથી જેલ પ્રશાસન તેમના પરિવારને મળવાની મંજૂરી આપતું નથી, જેના કારણે તેમની તબિયત અંગે શંકાઓ વધી છે. ઇમરાન ખાનની બહેનોએ સરકાર પાસે સત્ય જાણવાની માગ કરી છે. તેમની પાર્ટી પીટીઆઈ (PTI) એ પણ ચેતવણી આપી છે કે જો ઇમરાન સાથે કંઈ અઘટિત બન્યું તો તે સહન કરવામાં આવશે નહીં. પીટીઆઈનું કહેવું છે કે કેટલાક વિદેશી એકાઉન્ટ્સ દ્વારા મૃત્યુના ખોટા સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે. જેલની બહાર ધરણાં કરી રહેલી ઇમરાનની બહેનો સાથે દુર્વ્યવહાર અને લાઠીચાર્જ થયાના પણ અહેવાલો છે. જોકે, રક્ષામંત્રી ખ્વાજા આસિફે દાવો કર્યો છે કે ઇમરાનને જેલમાં તમામ સુવિધાઓ મળી રહી છે અને તે ઠીક છે. ઇમરાન ખાન પર ૧૦૦થી વધુ કેસ છે અને તોશાખાના તેમજ અલ-કાદિર ટ્રસ્ટ કેસમાં તપાસ ચાલી રહી છે.



## ઑનલાઈન ટાસ્ક છેતરપિંડીમાં યુવક પાસેથી રૂ. 2.15 લાખ

જરોદ વિસ્તારમાં અનિકેટ યાદવને વોટ્સએપ પર અજાણી વ્યક્તિએ મેઘા ઈન્ડિયા લિમિટેડના HR હોવાનું કહી સંપર્ક કર્યો હતો. ટેલિગ્રામ ચેનલ મારફતે સરળ ટાસ્ક પૂરા કરાવવા બદલ કમાણી મળશે તેવી લાલચ અપાઈ. શરૂઆતમાં નાની રકમ આપીને વિશ્વાસ જીત્યો બાદ અનેક ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ. 2,15,000 પડાવી લેવાયા. રકમ મોકલ્યા બાદ કોઈ રિપ્લાય ન મળતા છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો. વધતા ઓનલાઈન ફ્રોડ વચ્ચે અજાણી લિંક્સ, ટાસ્ક અને HR ઓફરો સામે સાવચેતી જરૂરી હોવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે.

## લીલોડ નજીક કાર અકસ્માતે સ્ત્રીનું મોત

કરજણ નજીકના લીલોડ ગામની સીમમાં ભારે ઝડપે દોડતી કાર અનિયંત્રિત થઈ ઝાડ સાથે અથડાતા જીવલેણ અકસ્માત સર્જાયો. કાર ચલાવી રહેલા રોહનકુમાર ઠાકોર સાથે તેમની પત્ની ભાવનાબેન અને ફરિયાદી ગણપતસિંહ મુસાફરી કરી રહ્યા હતા. અથડામણ એટલી જોરદાર હતી કે ભાવનાબેનનું ઘટનાસ્થળે જ મોત થયું, જ્યારે રોહનકુમાર અને ગણપતસિંહને ગંભીર ઇજાઓ સાથે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. અકસ્માતનું મુખ્ય કારણ અતિઝડપ માનવામાં આવી રહ્યું છે અને વિસ્તારના રહેવાસીઓએ માર્ગ સલામતી અંગે ચિંતા વ્યક્ત કરી છે.

## મંજુસર GIDCમાં કંપનીમાંથી પિત્તળ-સ્ટીલનો મુદ્દામાલ ચોરાયો

મંજુસર GIDCમાં આવેલી 'સિક્યોરા મેક્સ વાલ્વ એન્ડ કંટ્રોલ સિસ્ટમ' કંપનીમાં રાત્રિના સમયે અજાણ્યા તસ્કરો ઘુસી જતા ઉદ્યોગ વિસ્તાર ફરી ચકચારમાં આવી ગયો. ફેક્ટરીના સ્ટોરેજ વિભાગમાંથી પિત્તળ અને સ્ટીલનું રો-મટીરીયલ કાપી લઈ જવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે. ચોરી દરમિયાન સુરક્ષા સિસ્ટમને બાયપાસ કરી તસ્કરો મોટા પ્રમાણમાં વજનદાર મટીરીયલ લઈ જતા રહ્યા. કંપની મુજબ, ચોરાયેલ મુદ્દામાલની કુલ કિંમત અંદાજે રૂ. 7,03,178 જેટલી થાય છે. ઉદ્યોગ વિસ્તારની સુરક્ષા વ્યવસ્થા પર ફરી પ્રશ્નો ઊભા થઈ રહ્યાં છે.

## ડભોઈમાં ક્રેટા ગાડીમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ડભોઈ ટાઉન વિસ્તારમાં પંચોલી સુથારની વાડી પાસે ઉભેલી સફેદ ક્રેટા કાર (GJ 17 BA 2461)માંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો મળતા વિસ્તાર આંખે જોવાનું બની ગયું. રાત્રિના સમયે શંકાસ્પદ અવાજ પછી ગાડી તપાસતા અંદર વિવિધ બ્રાન્ડના દારૂની બોટલો ભરેલી હોવાનું સામે આવ્યું. અંદાજે રૂ. 6,60,634ના દારૂ સાથે ગાડી સહિત કુલ મુદ્દામાલ લગભગ રૂ. 10,60,634 જેટલો થાય છે. ઘટનાના સમયે કાર ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો, જ્યારે ઘટનાએ પ્રોહિબીશન સંબંધિત હલચલ વચ્ચે ફરી ચર્ચા જગાવી છે.

## પાદરા-વડોદરામાં બે જુદા અકસ્માતે બે મોત

પાદરા અને વડોદરા તાલુકામાં બે અલગ-અલગ દુર્ઘટનાજન્ય મોતની ઘટનાઓ સામે આવી છે. પાદરામાં 45 વર્ષીય સંજયસિંહ મહેન્દ્રસિંહ સિંધાનું લીવર સંબંધિત ગંભીર તકલીફ વચ્ચે લોહીની ઉલ્ટીઓ થતાં અવસાન થયું. બીજી તરફ વડોદરા તાલુકાના શેરખી વિસ્તારમાં 55 વર્ષીય સજ્જનબેન અંબાલાલભાઈ પરમાર નર્મદા કેનાલ પાસે ચાલતી વખતે પગ લપસતાં પાણીમાં આકસ્મિક રીતે ડૂબી ગયા હતા. પરિવારજનો દ્વારા શોધખોળ બાદ તેમનું શરીર બહાર કાઢવામાં આવ્યું. આ બંને બનાવોથી સ્થાનિક વિસ્તારોમાં શોકનો માહોલ છવાયો છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરા શહેરમાં એક જ દિવસે ૨૬ પ્રોહિબીશન કેસ નોંધાયા

વડોદરા શહેરમાં 26 નવેમ્બર 2025ના રોજ દારૂબંધી સંબંધિત કુલ 26 કેસો સામે આવ્યા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાં દારૂના જથ્થા મળી આવતા પ્રોહિબીશન મુદ્દો ફરી ચર્ચામાં છે. તપાસ દરમિયાન કુલ 7 લિટર દેશી દારૂ , અંદાજે રૂ. 1,400 જેટલી કિંમતનો, સાથે 12 ઇંગ્લિશ દારૂની બોટલો, 37 બિયર અને 212 ક્વાર્ટરની બોટલો મળી આવ્યા છે. આ તમામ જથ્થાની કુલ કિંમત લગભગ રૂ. 57,865 થાય છે.

આ કાર્યવાહી દરમિયાન 21 લોકો પીધેલી હાલતમાં મળ્યા હતા, જ્યારે દારૂના કબ્જા અને અન્ય સંબંધિત મુદ્દાઓમાં મળીને કુલ 25 વ્યક્તિઓને અટકાવવામાં આવ્યા હતા. શહેરની અંદર દારૂની ઉપલબ્ધતા અને તેનો ઉપયોગ વધતો હોવાનું આ ઘટના દર્શાવે છે. સ્થાનિક સ્તરે પ્રોહિબીશનના નિયમો છતાં ગેરકાયદેસર ટ્રેડ અને સેવન ચાલુ રહેતા ચિંતા વ્યક્ત થઈ રહી છે.

## વડોદરા જિલ્લામાં પ્રોહિબીશન ભંગના અનેક કેસો સતત સામે આવ્યા

વડોદરા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં દારૂના કબ્જા અને પીધેલી હાલતમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓના અનેક બનાવો સામે આવ્યા છે, જેના કારણે પ્રોહિબીશન સંબંધિત મુદ્દાઓ ફરી ચર્ચામાં છે.

વરણામા વિસ્તારમાં દારૂ સંબંધિત એક કેસ નોંધાયો છે. તે જ સમયે વાઘોડિયામાં કુલ ચાર કેસ સામે આવ્યા છે, જેમાં દેશી દારૂનો જથ્થો મળવાનો તેમજ કેટલીક વ્યક્તિઓ પીધેલી હાલતમાં ઝડપાયાનો સમાવેશ થાય છે.

ડભોઈમાં ત્રણ જુદા બનાવોમાં વિદેશી અને દેશી દારૂ હાથ લાગ્યો હોવાનું જાણવા મળે છે. ખાસ કરીને ગામડાં વિસ્તારોમાં આવા જથ્થા મળતા સ્થાનિક સ્તરે ચકચાર મચી છે.

ભાદરવામાં વિદેશી દારૂના ૮૩ ક્વાર્ટરનો સ્ટોક મળ્યો હતો, જેને કારણે આ વિસ્તારનું નામ ફરી એકવાર પ્રોહિબીશન ભંગના મામલામાં ચર્ચામાં આવ્યું છે.

ડેસર ગામમાં ત્રણ ઈસમો પીધેલી હાલતમાં





જાહેર સ્થળે મળતા પ્રોહિબીશનના નિયમોના ભંગનો મુદ્દો ઊભો થયો છે.

મંજુસરમાં સૌથી વધુ—છ કેસ નોંધાયા છે, જેમાં દેશી દારૂના કબ્જાથી લઈને પીધેલી હાલતમાં રહેલા લોકોનો સમાવેશ થાય છે.

આ તમામ બનાવો વિવિધ વિસ્તારોમાં દારૂના ગેરકાયદેસર ઉપયોગ અને ઉપલબ્ધતા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

## કારેલીબાગ અને સમા વિસ્તારોમાં મારામારીના બે ગંભીર બનાવ




વડોદરા શહેરના કારેલીબાગ અને સમા વિસ્તારોમાં મારામારીના બે જુદા બનાવો સામે આવ્યા છે.

કારેલીબાગ વિસ્તારમાં રહેનારા રાજીશ કુમારન થિય્યાએ આપેલા નિવેદન અનુસાર 24 નવેમ્બર 2025ના રોજ પૈસાની લેતીદેતીને લઈને ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિવાદ વધતા આરોપી સત્યેન માધવરાવ પટેલે તેમની સાથે ગાળાગાળી કરી અને હુમલો કર્યા બાદ નાક તેમજ ખભાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ઘટનાથી વિસ્તારમાં તણાવજનક માહોલ સર્જાયો હતો.

બીજી તરફ સમા વિસ્તારમાં શ્વેતા દીપક બંસલે ત્રણ આરોપીઓ—અમિત યાદવ, ધનંજય યાદવ અને વર્ષા યાદવ—વિરુદ્ધ શારીરિક હુમલો અને ધમકીઓનો આક્ષેપ કર્યો છે. અગાઉના ઝઘડાની અદાવત રાખી આરોપીઓએ શ્વેતા બંસલ અને તેમના પતિ સાથે ફરી ઝઘડો કરી મારપીટ કરી હતી. additionally, સોસાયટીમાં નહીં રહેવા દેવાની ધમકી આપવામાં આવી હોવાનું પણ જણાવાયું છે.


બંને બનાવોને લઈને સ્થાનિક લોકોમાં ચિંતા અને અસંતોષ જોવા મળી રહ્યો છે.

## ચિત્રા GIDCમાં સોશિયલ મીડિયા સ્ટંટના કેસમાં યુવકો ઝડપાયા

ભાવનગર રેન્જમાં સોશિયલ મીડિયા પર નજર રાખવા માટે તાજેતરમાં બનાવવામાં આવેલી મોનિટરીંગ ટીમે ચિત્રા GIDC વિસ્તારમાં બાઈક સ્ટંટના બનાવને આધારે કાર્યવાહી શરૂ કરી છે. સોશિયલ મીડિયા પર ચર્ચાઈ રહેલા વીડિયોઝમાં કેટલાક યુવાનો રાત્રિના સમયે જાહેર માર્ગ પર જોખમી સ્ટંટ કરતા જોવા મળતા હતા, જેના કારણે સ્થાનિક લોકોમાં ચિંતા ફેલાઈ હતી.

મોનિટરીંગ ટીમે આ વીડિયો ખંગાળતાં બે યુવાનો—સમીર ખલીફા (19) અને સકીલ સૈયદ (20)—સહિત અન્ય બે અજાણ્યા સ્ટંટબાઈકર્સની ઓળખ કરી. વીડિયો મુજબ તેઓ બાઈકને જોખમી રીતે હંકારી અનેક સ્ટંટ કરતા હતા અને ત્યારબાદ તે ક્લિપ્સ પોતાના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર અપલોડ કર્યા હતા. જાહેર માર્ગ પર આવા સ્ટંટથી અકસ્માતની શક્યતા વધી શકે છે અને ટ્રાફિક સલામતી માટે જોખમ ઊભું થાય છે. ઘટનામાં સામેલ બે મોટરસાયકલ ડિટેઇન કરવામાં આવી છે અને સંબંધિત નિયમો અનુસાર આગળની કાયદાકીય પ્રક્રિયા શરૂ થઈ .





## પાણીગેટ વિસ્તારમાં સ્ત્રી અત્યાચારનો ગંભીર કેસ સામે આવ્યો

વડોદરા શહેરના પાણીગેટ વિસ્તારમાં સ્ત્રી અત્યાચારનો એક ગંભીર મામલો સામે આવ્યો છે. ફરિયાદી ભાવનાબેન વ્યાસે આપેલા નિવેદન અનુસાર તેમના પતિ આશિષકુમાર, સાસુ ભક્તિબેન અને દિયર કેયુર વ્યાસ દ્વારા લાંબા સમયથી શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો હતો. ભાવનાબેનના ચરિત્ર પર શંકા કરીને તેમને ધમકાવવામાં આવ્યા હતા અને પરિવાર તરફથી મળેલું સ્ત્રીધન પણ પરત ન આપ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઘટનાએ સ્થાનિક સ્તરે સ્ત્રી સુરક્ષા અત્યાચાર અંગે ચિંતાઓ વધુ ઉડાઈ છે.

## વારસિયામાં ધાર્મિક બહાને દાગીના ઠગાઈનો ખુલાસો

વડોદરાના વારસીયા વિસ્તારમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીનો એક નોંધપાત્ર મામલો સામે આવ્યો છે. ફરિયાદી કૃમિલ ભરતકુમાર ગાંધીએ આપેલા નિવેદન મુજબ યાજ્ઞિક હિતેષભાઈ—જેઓ પોતાને ઘનશ્યામ મહારાજ તરીકે ઓળખાવતા—અને તેમના સાથી તપન નવીનચંદ્ર શાહે ધાર્મિક વિધિ કરવાના નામે તેમને અને સાહેદોને વિશ્વાસમાં લીધા હતા. આરોપીઓએ “ગ્રહો નડતરરૂપ છે અને ખાસ વિધિ કરવી જરૂરી છે” એવો બહાનો આપી સોનાની વીંટી, ચેન, લકી સહિતના દાગીના મેળવી લીધા હતા. ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને ફ્રીઝ અને એસી જેવી ઘરની મોંઘી વસ્તુઓ પણ મેળવવામાં આવી હતી. ફરિયાદી તરફથી જણાવાયું છે કે આ સામાન અને દાગીના માત્ર વિધિ માટે લેવામાં આવ્યા હોવાનું કહેવાતું હતું, પરંતુ બાદમાં તેમની જાણ બહાર તમામ દાગીના ગીરવે મૂકીને આરોપીઓએ પૈસા મેળવી લીધા હતા. દાગીના પરત માંગતા ટાળટૂળ કરવામાં આવી, ત્યારબાદ સમગ્ર પ્રકરણ ખુલ્યું. આ બનાવે વિસ્તારમાં ધાર્મિક આસ્થા અને અંધશ્રદ્ધાનો લાભ લઇ થતા ફ્રોડ વિશે ચિંતા ઉભી કરી છે, જ્યારે સ્થાનિક લોકો સાવચેતી રાખવાની અપીલ કરી રહ્યા છે.




## માંજલપુરમાં ઓળખાણના બહાને ખંડણી માંગવાનો કેસ

વડોદરાના માંજલપુર વિસ્તારમાં ખંડણી અને ધમકીનો એક ચોંકાવનારો કેસ પ્રકાશમાં આવ્યો છે. ફરિયાદી વિનોદભાઈ મંડલે આપેલા નિવેદન મુજબ કંચન પરમાર, જે પોતાને “જનઅર્પણ પેપર”ના તંત્રી તરીકે ઓળખાવે છે, તેમની સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

વિનોદભાઈના જણાવ્યા પ્રમાણે આરોપીએ પોતાની મોટી ઓળખાણ છે અને “તમારો ગલ્લો કોઈ હટાવશે નહીં” એવા દાવા સાથે રૂ. 30,000ની માંગણી કરી હતી. આ દબાણ વચ્ચે આરોપીએ ફોન અને રૂબરૂ મુલાકાતોમાં સતત ધમકી આપતા રહ્યા હતા. ફરિયાદીએ આર્થિક પરિસ્થિતિને કારણે સંપૂર્ણ રકમ આપી ન શકતા અંતે તેમના પાસેથી રૂ. 8,000 બળજબરીથી પડાવી લેવાયા હતા.

આ સિવાય, ફરિયાદી પાસેથી બળજબરીપૂર્વક સહી કરાવેલો ચેક લઈ લેવાયો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે, જે ઘટના પ્રત્યે વધુ ગંભીરતા ઉમેરે છે.

સ્થાનિક લોકો અનુસાર વેપારીઓ સામે આવા દબાણ અને ખંડણીના બનાવો વેપાર વિસ્તારમાં અસુરક્ષા ફેલાવતા હોવાથી આ પ્રકારની ઘટનાએ ચિંતા વધારી છે.

આ પ્રકરણને કારણે માંજલપુર વિસ્તારમાં ખંડણી અને દબાણની પ્રવૃત્તિઓ અંગે ચર્ચા શરૂ થઈ છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫